# 5. ભારત : આઝાદી તરફ પ્રયાણ

## સ્વાધ્યાય

### 1.નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :

#### 1) 'હિંદ છોડો' ચળવળ અને એ ચળવળના વિવિધ બનાવો જણાવો.

- ક્રિપ્સ દરખાસ્તો દ્વારા સાબિત થયું કે બ્રિટિશ સરકાર ભારત છોડવા તૈયાર નથી. તેમજ તે ભારતને સ્વરાજ્ય આપવાનો ઈરાદો ધરાવતી નથી. તેમજ તે ભારત સ્વરાજ્ય આપવાનો ઈરાદો પણ ધરાવતી નથી. તે હિંદની પ્રજાને છેતરી રહી છે એવું લાગતાં ભારતની પ્રજામાં ભારે હતાશા અને અસંતોષ વ્યાપ્યા. ગાંધીજીએ પ્રજાની નિરાશા દૂર કરી તેમને આખરી લડત લડવા તૈયાર કર્યા.
- મુંબઈમાં મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીના નેતૃત્વમાં 9 ઑગસ્ટ, 1942ની રાત્રે હિંદ છોડનો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- ગાંધિજીએ જાહેર કર્યું કે, 'આઝાદી માટે મારી આ અંતિમ લદત છે' 'આજે છુપાઈને કશું કરવું નથી' કરેંગે યા મરેંગે'. આ સભામાં જ ગાંધીજીએ પ્રજાને વિવિધ કાર્યક્રમો કરવાનો તેમજ અંગ્રેજ સરકારને 'હિંદ છોડો' આદેશ આપ્યો.
- 'હિંદ છોડો' ચળવળના બનાવો :
- હિંદ છોડોના ઠરાવના બીજા દિવસે વહેલી સવારમાં અંગ્રેજ સરકારે ગાંધીજી, વલ્લભભાઈ, જવાહરલાલ નેહરુ, મૌલાના આઝાદ ઉપરાંત દેશના અગ્રગણ્ય નેતાઓની ધરપકડ કરી, તેમને જેલમાં પૂર્યા. કોંગ્રેસને ગેરકાયદેસર જાહેર કરાઈ. વર્તમાનપત્રો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- અંગ્રેજ સરકારે પ્રાંતિક અને જિલ્લા કક્ષાના કોંગ્રેસી નેતાઓની ધરપકડ કરી. ગાંધીજી સહિત તમામ દેશનેતાઓની ધરપકડને કારણે ભારતનાં શહેરો તથા ગામડાઓમાં હડતાલો પડી.
- ભારતભરનાં શહેરો અને ગામડાંમાં મજૂરો, ખેડુતો, યુવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, મહિલાઓ વગેરેએ હિંદ છોડોની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મજુરોએ કારખાનાઓમાં તેમજ મુંબઈ, તમિલનાડુ, અને અમદાવાદની કાપડ મિલોમાં કામદારોએ હડતાલ પાડી. અમદાવાદમાં કાપડની 75 મિલોના એક લાખ ચાલીસ હજાર મજૂરોએ 105 દિવસ સુધી શાંત અને અભુતપૂર્વ હડતાલ પાડી. શાળ-કૉલેજોમાં હડતાલ પડી. અમદાવાદમાં સાડા ત્રણ માસ સુધી બજારો બંધ રહ્યાં.
- બ્રિટિશ સરકાર સામે શાંતિથી દેખાવો કરી રહેલા લોકો પર સરકારે ઉગ્ર દમનનીતિ અપનાવી. પરિણામે હિંસક તોફાનો ફાટી નિકળ્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- લોકોએ રેલવે-સ્ટેશનો, પોલિસ-સ્ટેશનો, પોસ્ટ ઓફિસો, સરકારી મકાનો વગેરેને ભારે નુકશાન કર્યું. કેટલાક સ્થળોએ રેલના પાટાઓને ઉખાડીને ફેંકી દીધાં. દેશભરમાં મિલકતોને લૂંટવાના અને આગ લગાવવાના બનાવો મોટી સંખ્યામાં બન્યા. રેલવેને સૌથી વધુ નુકશાન થયું. કેટલાક વિસ્તારોમાં લોકોએ બૉમ્બનો પણ ઉપયોગ કર્યો. અનેક સ્થળોએ પોલિસો અને લોકો વચ્ચે હિંસક ઘર્ષણો થયાં.
- અંગ્રેજ સરકારે 'હિંદ છોડો'ચળવળને દબાવી દેવા લાઠીચાર્જ, ટિયરગૅસ, ગોળિબાર, વગેરેનો ઉપયોગ કર્યો. સરકારે લગભગ 70,000 કરતાં વધુંલોકોને જેલમાં પૂર્યાં. 538 વખત ગોળિબાર કર્યો, જેમાં 1028 માણસો મૃત્યુ પામ્યા અને 3200થી વધારે સંખ્યામાં ઘવાયા. આમ છતાં, અંગ્રેજ સરકાર આ ચળવળને સંપૂર્ણપણે દબાવી શકી નહિ.
- આથી સરકારને ખાતરી થઈ ગઈ કે ભારતને વધુ સમય સુધી પરાધીન રાખવું હવે શક્ય નથી. 'હિંદ છોડો' ચળવળથી ભારતના લોકોમાં અભુતપૂર્વ જાગૃતિ આવી. લોકો પૂર્ણ સ્વરાજ્ય મેળવવા કટિબદ્ધ થયાં. પરિણામે પાંચ વર્ષે એટલેકે ઈ.સ. 1947માં ભારતને સંપૂર્ણ આઝાદી મળી.

## 2) આઝાદ હિંદ ફોજે ભારતને આઝાદી આપવા બજાવેલી કમગીરીની વિગત દર્શાવો.

- અંગ્રેજ સરકારે સુભાષચંદ્રબિઝની ધરપકડ કરી કોલકાતાના તેમના નિવાસસ્થાને નજરકેદ કર્યા. એક મધ્યરાત્રીએ સુભાષચંદ્ર બોઝ વેશ પલટો કરી અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટકી ગયાં.
- તેઓ કોલકાતાથી પેશાવર, કાબુલ, ઈરાન, અને રશિયા થઈ 28 માર્ચ, 1942 ના રોજ બર્લિન જતા રહ્યા. બર્લિનમાં તેમણે 'આઝાદ હિંદ રેડિયો સ્ટેશન' સ્થાપ્યું. એ સ્ટેશનેથી તેમણે ભારતીયોને અંગ્રેજ શાસન ઉઠલાવી નાંખવાની હાકલ કરી.
- રાસબિહારી બોઝ નામના હિંદ ક્રાંતિકારી નેતાએ જાપાનના ટોકિયો શહેરમાં 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડેન્સ લીગ' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. તેમણે ભારતની આઝાદી માટે અઝાદ હિંદ ફોજની રચના કરવા નક્કી કર્યું. એ સમયે વિશ્વના જુદા જુદા દેશોમાં વસતા હિંદીઓના 100 જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. એ પરિષદમાં દ્વિતિય વિશ્વયુદ્ધમાં જાપાનના હાથે યુદ્ધકેદી તરીકે પકડયેલા મેજર મોહનસિંગે રાસબિહારી બોઝના પ્રમુખપદે આઝાદ હિંદ ફોજની રચના કરી.
- ઈ.સ. 1943માં સુભાષચંદ્ર બોઝે બર્લિનથી જાપાન ગયા. જાપાનમાં રાસબિહારી બોઝે સુભાષચંદ્ર બોઝને 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડેન્સ લીગ'ના નેતા બનાવ્યા.
- 2 જુલાઈ, 1943ના રોજ સુભાષચંદ્ર બોઝ જાપાનથી સિંગાપુર ગયા. 4 જુલાઈ, 1943ના રોજ તેઓ 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડેન્સ લીગ'ના પ્રમુખ બન્યા. એ જ સમયે ક્સબિહારી બોઝે સુભાષચંદ્ર બોઝને 'આઝાદ હિંદ ફોજ'ના વડા બનાવ્યા. સિંગાપુરમાં વસતા હિંદિઓએ સુભાષચંદ્ર બોઝને 'નેતાજી'નું હુલામણુ નામ આપ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સુભાષચંદ્ર બોઝે સિંગાપુરમાં ભારતની કામચલાઉ સરકાર સ્થાપી. આ સરકારના તેઓ વડા પ્રધાન અને લશ્કરના સેનાપતિ બન્યા. આ સરકારને જાપાન, જર્મની, ચીન, ઈટાલી, મ્યાનમાર વગેરે દેશોએ માન્યતા આપી.
- ઈ.સ. 1943માં સુભાષચંદ્ર બોઝે અંદમાન નિકોબાર ટાપુઓની મુલાકત લીધી અને તેમને અનુક્રમે 'શહિદ' અને સ્વરાજ્ય' એવા નામ આપ્યાં.
- સુભાષચંદ્ર બોઝની કામચલાઉ સરકારે ઈંગ્લેંન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું. આઝાદ હિંદ ફોજનું વડુ મથક સિંગાપુરથી રંગૂન ખસેડવામાં આવ્યું. આહિથી આઝાદ હિંદ ફોજની ટુકડીઓએ ભારતની પૂર્વ સરહદે પ્રવેશ કરી પ્રોમ, કોહિમા ઈમ્ફાલ વગેરે પ્રદેશો જીતી લીધાં.
- એ સમયે અમેરિકાએ બ્રિટનના પક્ષે દ્વિતિય વિશ્વયુદ્ધમાં ઝંપલવ્યું. તેણે જાપાનનાં નાગાશાકી અને હિરોશિમા શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા, અણુબૉમ્બથી સર્જાયેલા ભયંકર વિનાશને કારણે જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી લીધી. પરિણામે આઝાદ હિંદ ફોજને જાપનની મદદ મળતી બંધ થઈ. આ ઉપરાંત, બ્રિટને આઝાદ હિંદ ફોજ ઉપર હવાઈ હુમલાઓ કર્યા અને તેની પાસેથી રંગૂન પોતાને કબજે કર્યું. આવી કપરી પરિસ્થિતિમાં આઝાદ હિંદ ફોજને વિખરાઈ જવાની ફરજ પડી.
- 18 ઑગષ્ટ, 1945ના દિવસે સુભાષચંદ્ર બોઝનું વિમાની અકસ્માતમાં અવસાન થયું એમ માનવામાં આવે છે.
- આમ, ભારતની સ્વાતંત્ર્ય લડતમાં આઝાદ હિંદ ફોજે નોંધપાત્ર કામગીરી બજાવી.

## 2. ટૂંકનોંધ લખો.

### 1) સાયમન કમિશન

- ઈ.સ. 1919માં મૉન્ટ-ફર્ડના કાયદામાં જોગવાઈ મુજબ આ કાયદાનો કઈ રીતે અમલ થયો છે અને હવે તેમાં કોઈ કોઈ સુધારાની આવશ્યકતા છે કે કેમ તેનો અભ્યાસ કરવા માટે દસ વર્ષે એક કમિશનની નિમણુક કરવી.
- પરતું ઈ.સ. 1927માં અર્થાત બે વર્ષ પહેલાં સાયમન કમિશનની નિમણુક કરવામાં આવી.
- જ્હોન સાયમનના પ્રમુખપદે રચાયેલા સાયમન કમિશનમાં સાત સભ્યો હતા. અને આ સાતેય સભ્યો અંગ્રેજ હતા.
- હિંદિઓના દુઃખ દર્દ હિંદિઓ જ સમજી શકે એ વિચારથી કમિશનમાં હિંદી સભ્યો સામેલ કરવાની ભારતીયોએ ભલામણ કરી હતી, પરંતુ અંગ્રેજ સર્કારે એ ભલામણ સ્વીકારી નહિ. તેથી ભારતીયોએ સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું.
- 3 ફેબ્રુઆરી, 1928ના રોજ સાયમન કમિશન મુંબઈના બંદરે ઉતર્યું ત્યારે જ લોકોએ 'સાયમન પાછો જા' ના બુલંદ સુત્રોચ્ચાર તથા દેખાવો કર્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કમિશનના ભારત આગમનના વિરોધમાં દેશભરમાં હડતાલ પાડવામાં આવે તેમજ સભા-સરઘસો કાઢવામાં આવ્યા.
- બ્રિટશ સરકારે આ આંદોલનને કચડી નાખવા લોકો પર ભારે દમન ગુજાર્યું. હજારોની સંખ્યામાં નિર્દોશ અને નિઃશસ્ત્ર લોકો પર લાઠીચાર્જ, ટિયરગૅસ અને ગોળી બાર કર્યો, તેમાં લાલા લજપતરાય, ગોવિંદવલ્લભ પંત, જવાહરલાલ નેહરુ જેવા કૉંગ્રેસ અગ્રણી નેતાઓ ઘવાયા.
- લાહોરમાં સરઘસની અગેવાની લેનાર લાલા લજપતરાય ગંભીર રીતે ઘાયલ થયા. થોડા સમય પછી તેમનું અવસાન થયું. ગોવિંદવલ્લભ પંત જીવનપર્યાત વિકલાંગ બની ગયા.
- લાલજીના મૃત્યુના સ્માચારથી ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ વગેરે ક્રાંતિકારીઓ ખુબ ગુસ્સે થયા. લાઠીચાર્જનો આદેશ આપનાર અંગ્રેજ પોલિસ અધિકારી સાંડર્સની હત્યાં કરી.

## 2) પૂર્ણ સ્વરાજ્યની માંગણી

- બ્રિટિશ સરકારે નેહરુ કમિટીના અહેવાલની ભલામણોનો અસ્વીકાર કર્યો.
- આ સમયે હિંદી રાષ્ટ્રીય મહાસભામાં જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝે જેવા યુવા નેતાઓ સક્રિય હતા. આ નેતાઓ પૂર્ણ સ્વરાજના હિમાયતી હતા. સાંસ્થાનિક સ્વરાજ્યથી તેમને સંતોષ ન હતો.
- 31 ડિસેમ્બર, 1929ના રોજ લાહોરમાં રાવી નદીના કિનારે જવાહરલાલ નેહરુના પ્રમુખપદે ભરાયેલી હિંદી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યની માંગણીનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. એ પછી 26 જાન્યુઆરી, 1930ના રોજ સ્વતંત્રતાની પ્રતિજ્ઞા લઈ પ્રથમવાર સ્વાતંત્ર્યદિન ઉજવવામાં આવ્યો.
- પૂર્ણ સ્વરાજ્ય મેળવવા માટેની ઘટનાને યાદ રાખવા માટે સ્વતંત્ર ભારતના બંધારણને 26 જાન્યુઆરી, 1950ના દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવીએ છીએ.

## 3) દાંડીકુચ

- સવિનય કાનુનભંગની ચળવળનાભાગરૂપે ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે જઈ મીઠાના કયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.
- 11 માર્ચની સાંજે ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં હજારો લોકોની સભાને સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ધરપકડ થાય તો પણ લોકોની મક્કમતા પૂર્વક અહિંસક રીતે અંગ્રેજ સરકાર સામે લડત આગળ વધારવા માટે તેમણે અનુરોધ કર્યો.
- તેમણે અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાંથી 12 માર્ચ, 1930ના રોજ પોતાના 78 સત્યાગ્રહીઓ સાથે નવસારી જિલ્લાના દાંડી બંદરના દરિયાકિનારા સુધી 370 કિલોમિટરની પદયાત્રા યોજી. તેમની એ ઐતિકાસિક યાત્રા 'દાંડીકૂચ'ના નામે ઓળખાઈ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- 29 માર્ચ, 1930ના રોજ દાંડીયાત્રામાં ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી કે, 'હું કાગડા-કુતરાના મોતે મરીશ, પરંતું સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી આશ્રમમાં પછો નહિ ફરું.'
- દાંડીયાત્રાના માર્ગમાં ગામેગામે સત્યાગ્રહીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.
- દરેક ગામમાં ગાંધીજી સભા યોજીને લોકોને જાગ્રત કરવા માટે મીઠાના અન્યાયી કાયદા વિશે, સવિનય કાનૂનભંગ અને સત્યગ્રહ વિશે સમજાવવામાં આવ્યું.
- ગાંધીજી અને તેમના સાથીઓ 24 દિવસની પદયાત્રા બાદ 5 એપ્રિલ, 1930ના દિવસે દાંડી પહોંચ્યા. 6 એપ્રિલ, 1930ના રોજ સૂર્યોદય સમયે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે અગરમાંથી મૂઠી મીઠું લઈ, મીઠાના કાયદાનો ભંગ કર્યો અને ધરપકડ વહોરી લીધી.
- ગાંધીજીએ ગગનભેદી અવાજે જણાવ્યું : મૈને નમકકા કાનૂન તોડ દિયા !
- તેમણે ત્યાં ઉપસ્થિત જનતાને સંબોધતા કહ્યું કે 'હુ બ્રિટિશ સામ્રાજ્ય રૂપી ઈમારતના પાયામાં લૂણો લગાડું છું'
- દાંડીકુચે ભારતના લોકોમાં અપૂર્વ જાગૃતિ, અપાર શ્રદ્ધા, ચેતના અને એકતા જગાવવાઉં અદ્દભુત કાર્ય કર્યું. સમગ્ર દેશમાં મીઠાના કાયદના ભંગ કરવાના સત્યાગ્રહો થયા.
- શ્રી મહાદેવભાઈ દેસાઈએ દાંડીકૂચને ગૌતમ બૂદ્ધના 'મહાભિનિષ્ક્રમણ'સાથે સરખાવી છે.

### 4) સુભાષચંદ્ર બોઝ

- સુભષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઑરિસ્સાના કટક શહેરમાં થયો હતો.
- કોલકાતાની પ્રેસિડેન્સી કોલેજમાં અભ્યાસ પૂરો કરી તેઓ વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા.
- તેમણે લંડનમાં I.C.S.ની પદવી મેળવી. પ્રેસિડેન્સી કૉલેજના ઘમંડી અંગ્રેજ અધ્યાપકોના હિંદીઓ પ્રત્યેના અપમાનજનક વર્તને તેમના ક્રાંતિનાં બી રોપ્યા.
- ઈ.સ. 1923માં તે 'રાષ્ટ્રીય સ્વરાજ્ય પક્ષ'માં જોડાયાં. ટુંક સમયમાં જ તે યુવાનના અતિપ્રિય નેતા બની ગયા.
- દેશની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લઈને તે જેલમાં ગયા.
- ઈ.સ. 1938માં 41 વર્ષની વયે સુભાષચંદ્ર બોઝે હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા. ગાંધીજી સાથે મતભેદ થતાં તેમણે કૉંગ્રેસ છોડી અને મે, 1939માં 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સથાપના કરી.
- ત્યાર પછી તેમણે બ્રિટિશરો સામે લોકમત જાગૃત કરવા દેશના વિવિધ ભાગોમાં પ્રવાસ કરી અનેક સભાઓ યોજી અને બ્રિટિશ સરકારે હિંદ સંરક્ષણ ધારાનો ઉપયોગ કરી સુભાષચંદ્રને જેલમાં પૂર્યા. કારાવાસ દરમિયાન તેમની તબિયત બગડતાં તેમને પોતાના નિવાસ્થાનમાં નજરકેદ કર્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- 29 જાન્યુઆરી, 1941ના રોજ મધ્યરાત્રીએ સુભાષચંદ્ર બોઝ વેશ પલટો કરી, અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટક્યા અને 28 માર્ચ, 1942ના રોજ બર્લિન પહોંચ્યાં.
- બર્લિન તેમણે 'આઝાદ હિંદ રેડિયો સ્ટેશન' સ્થાપ્યું એ સ્ટેશનેથી સુભાષચંદ્ર બોઝે ભારતીયોને અંગ્રેજ શાસન ઉથલાવી નાખવા કહ્યું.
- ઈ.સ. 1943માં તે બર્લિનથી જાપાન ગયા.
- 2 જુલાઈ, 1943ના રોજ તે જાપાનથી સિંગાપુર ગયાં.
- 4 જુલાઈ, 1943ના રોજ તે 'આઝાદ હિંદ ફોજ'ના સર્વોચ્ચ નેતા બન્યા. તેમણે 'નેતાજી'નું હુલમણુ નામ મળ્યું.
- સુભાષચંદ્ર બોઝે 'ચાલો દિલ્લી' અને 'જય હિંદ'ના સુત્રો આપ્યાં. તેમણે ફોજના સૈનિકોને કયું, તુમ મુજે ખૂન દો, મૈ તુમ્હે આઝાદી દુંગા.' ઑક્ટોબર, 1943માં સિંગાપુરમાં તેમણે ભારતની 'કમચલાઉ સરકાર'ની રચના કરી.
- એ સરકારે ઈંગ્લૅન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું.
- મે, 1944માં તેમના નેતૃત્વ નીચે ફોજના સૈનિકોએ ભારતની પૂર્વ સરહદે પ્રવેશ કરી રંગૂન, કોહિમા, પ્રોમ, ઈમ્ફાલ, વગેરે પ્રદેશો જીતી લીધાં.
- એ અરસામાં અમેરિકાએ દ્વિતિયયુદ્ધમાં ઝંપલાવી જાપાનના નાગાસાકી અને હિરોશિમા શહેરો પર અણુબૉમ્બ ફેંખ્યા. તેનાથી ભયંકર વિનાશ સરજાતા જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી, પરિણામે જાપાન તરફથી આઝાદ હિંદ ફોજને મળતી મદદ બંધ થઈ ગઈ.
- બ્રિટને હવાઈ હુમલા કરી આઝાદ હિંદ ફોજના સૈનિકોને પીછેહઠ કરવાની ફરજ પાડી. મે, 1945માં બ્રિટિશ દળોએ આઝાદ હિંદ ફોજ પાસેથી રંગૂન કબજે કર્યું. આથી આઝાદ હિંદ ફોજને વિખરાઈ જવાની ફરજ પડી.
- સ્વરાજ્ય પ્રાપ્તિનું સુભાષચંદ્ર બોઝનું સ્વપ્ન પૂરુ થયું નહિ. 18 ઑગષ્ટ, 1945 ના રોજ સુભાષચંદ્ર બોઝનું વિમાની અકસ્માતમાં અવસાન થયું એમ માનવામાં આવે છે.
- સુભાષચંદ્રનું બલિદાન એળે ન ગયું. ટુંક સમયમાં ભારતને આઝાદી મળી. ઈ.સ. 1941થી મૃત્યુપર્યંત વિદેશોમાં જ રહીને સુભાષચંદ્ર બોઝે ભારતની સ્વતંત્રતાની લડતમાં અનન્ય ફાળો આપ્યો છે.

### 3. નીચેના પ્રશ્નોના એક-બેવાક્યોમાં ઉત્તર આપો.

#### 1) ભારતના લોકોએ સાયમન કમિશનનો શા માટે વિરોધ કર્યો ?

- સાત સભ્યોના બનેલા સાયમન કમીશનના બધા જ સભ્યો અંગ્રેજો હતા. તેમાં એક પણ ભારતીયને સ્થાન આપવમાં આવ્યું ન હોવાથી ભારતના લોકોએ સાયમન કમિશનનો વિરોધ કર્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2) 'આઝાદ હિંદફોજ'ના સૂત્રો જણાવો.**

- 'ચાલો દિલ્લી', 'તુમ મુજે ખુન દો, મૈ તુંહે આઝાદી દૂંગા' અને 'જય હિંદ' એ 'આઝાદ હિંદ ફોજ'નાં સૂત્રો હતાં.

**3) માઉન્ટ બેટન યોજના ક્યારે રજુ થઈ ?**

- માઉન્ટ બેટન યોજના 3જૂન, 1947ના રોજ રજૂ થઈ.

**4) અંગ્રેજોએ ભારતને સત્તા સોંપી ત્યારે હિંદના પ્રથમ હિંદી ગવર્નર તરીકે કોને નિમવામાં આવેલા ?**

- અંગ્રેજોએ ભારતને સત્તા સોંપી ત્યારે હિંદના પ્રથમ હિંદી ગવર્નર તરીકે ચક્રવર્તી સી. રાજગોપાલાચારીને નિમવામાં આવ્યા હતા.

## 4.નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

**1) સાયમન કમિશન કેટલા સભ્યોનું બનેલું હતું ?**

(A) 5

(B) 6

(C) 7

(D) 8

**2) દાંડીકૂચ ક્યારે કરવામાં આવી.**

(A) 12 એપ્રિલ 1930

(B) 12 માર્ચ 1931

(C) 12 માર્ચ 1930

(D) 12 માર્ચ 1929

**3) કઈ વ્યક્તિ દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવે છે ?**

(A) મહાદેવભાઈ દેસાઈ

(B) સરદાર વલ્લભભાઈ

(C) મૌલાના આઝાદ

(D) સુભાષચંદ્ર બોઝ

**4) ડોમિનિયન સ્ટેટસ એટલે શું ?**

(A) સંસ્થાનિક સ્વરાજ્ય

(B) સાંપ્રદાયિકતા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(C) પૂર્ણ સ્વરાજ્ય

(D) સરમુખત્યાર શાહી

5) મોન્ટફર્ડના સુધારામાં સુધારાની જરૂરિયાત માટે કેટલા વર્ષે કમિશન નીમવું તેવી જોગવાઈ હતી ?

(A) 20 વર્ષે

(B) 10 વર્ષે

(C) 7 વર્ષે

(D) 5 વર્ષે

6) સાયમન કમિશનનો વિરોધ કરતાં લાઠીચાર્જથી કોનું મૃત્યુ થયું હતું ?

(A) પંડિત જવાહરલાલ

(B) લાલા લજપતરાય

(C) ગોવિંદવલ્લભ પંત

(D) મોતીલાલ નહેરુ

7) 'નેતાજી'નું હુલામણું નામ કોને મળ્યું હતું ?

(A) સુભાષચંદ્ર બોઝ

(B) વલ્લભભાઈ પટેલ

(C) રાસબિહારી બોઝ

(D) જવાહરલાલ નહેરુ

8) હિંદુસ્તાનના વિભાજન સમયે ભારતમાં કયાં અંગ્રેજ ગવર્નર જનરલ હતા ?

(A) મોંટેગ્યુ ચેમ્સફોર્ડ

(B) વેલેસ્લી

(C) માઉન્ટ બેટન

(D) ડેલહાઉસી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in